જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૮/૧૦/૨૦૧૬ શનિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૮૩૨/૧૬

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૭ કેસ કરી, ૨૧ વ્યક્તિઓને ઝડપી ૩૧૨ લીટર દેશી દારૂ, ૪૫ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૦૧ મોટર સાયકલ કબજે કરી હતી. તેમજ જુગારધારા મુજબ ૦૧ કેસ કરી, ૦૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૮૪૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૮૩૩/૧૬

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૪૧ વ્યક્તિઓની તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## અપહરણ :- સમાચાર યાદી નં.૧૮૩૪/૧૬

રાણીપ : પુનમચંદ શીવાભાઇ વાઘેલા (ઉ.વ.૫૨)(રહે,વાલ્મીકી વાસ, રુદ્રપ્રયાગ ફ્લેટ પાછળ, રાણીપ) એ તા.૭/૧૦/૧૬ નારોજ રાણીપ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૪/૧૦/૧૬ ના કલાક ૧૦/૩૦ વાગ્યાનાં સુમારે ઘર નજીકથી પોતાનાં પુત્ર નિસર્ગ (ઉ.વ.૧૬) ને કોઇ અજાણી વ્યક્તિ અપહરણ કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વી.બી.પટેલ ચલાવે છે.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૧૮૩૫/૧૬

વેજલપુર : અર્ચના અશોકભાઇ મોહીત (રહે, ગોકુલધામ એપાર્ટમેન્ટ, વેજલપુર) એ તા.૭/૧૦/૧૬ નારોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૫/૦૮/૧૬ ના કલાક ૩/૦૦ થી ૪/૦૦ વાગ્યા દરમ્યાન કોઇ અજાણી વ્યક્તિ પોતાના ઘરમાં પ્રવેશ કરી, સોનાનો દોરો કિંમત રૂપિયા ૩૦,૦૦૦/- અને સોનાનું મંગળસુત્ર કિંમત રૂપિયા ૧,૦૦,૦૦૦/- મળી કુલ કિંમત રૂપિયા ૧,૩૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ.વી.પટેલ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>ચોરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૮૩૬/૧૬</u>**

જી.આઈ.ડી.સી.વટવા : દિપેશભાઈ હરીશભાઈ રાઠી (રહે.આયોજનનગર સોસાયટી, શ્રેયાંશ ક્રોસીંગ પાસે, પાલડી) એ જી.આઇ.ડી.સી.વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૭/૧૦/૧૬ સવારના ૧૧/૪૫ થી બપોરનાં ૩/૦૦ વાગ્યા દરમ્યાન કોઈ પણ સમયે વટવા જી.આઈ.ડી.સી., ફેઝ-૪, પ્લોટ નં-૭૧૧ માં આવેલ મરૂધર ઈન્ડસ્ટ્રીઝનાં ગેટ આગળ રોડ ઉપર પોતાની ફોરવ્હીલ ગાડી પાર્ક કરી હતી. જે ગાડીનો આગળનો ડાબી બાજુનો કાચ તોડી, અજાણી વ્યક્તિ કારમાંથી લીનોવો કંપનીનુ લેપટોપ કિંમત રૂપિયા ૪૦,૦૦૦/- અને અગત્યના દસ્તાવેજોની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આઈ.એ.ધાસુરા ચલાવે છે.

**<u>વાહન અકસ્માતમાં મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૮૩૭/૧૬</u>**

**“એન” ટ્રાફીક પોલીસ સ્ટેશન** : બલબીરભાઈ સુખદેવભાઇ થરેજા (ઉ.વ.૬૦) (રહે.સેટેલાઇટ સેંટર, મેનેજમેન્ટ એંક્લેવની સામે, વસ્ત્રાપુર) તા.૭/૧૦/૧૬ રાતના ૮/૧૦ વાગ્યાના સુમારે ઇસ્કોન બ્રીજનો ઢાળ ઉતરતાં ઇસ્કોન મેગા મોલની સામે રોડ ક્રોસ કરતાં હતા દરમ્યાન એક ઇકો કાર નંબર જીજે.૦૧. આર.પી.૨૫૭૦ નાં ચાલકે કાર પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી લાવતાં, બલબીરભાઇને ટક્કર વાગતાં, માથાનાં ભાગે અને શરીરે ગંભીર ઇજાઓ થતાં સારવાર અર્થે તેમને સેલ્બી હોસ્પીટલ ખાતે લાવતાં ફરજ પરનાં ડૉ.શ્રીએ બલબીરભાઇને મૃત જાહેર કર્યા હતા. આ અંગેની ફરીયાદ મરણ જનાર બલબીરભાઇનાં પુત્ર પિયુષભાઇ થરેજાએ “એન” ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી બી.એમ.લશ્કરી ચલાવે છે.

ઉપરોક્ત ગુનાના કામનાં આરોપી આનંદકુમાર શ્યામબિહારી શર્મા (રહે.બેલામલી સોસાયટી, બળીયાદેવ મંદિર પાસે, બાવળા) નાને તા.૮/૧૦/૧૬ નાં કલાક ૨/૦૦ વાગે પકડી અટક કરેલ છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)